# મોડાસામાં આવાસ બાંધકામ માટે ૭ કરોડના એમઓયુ થતા પ્રજાજનો ખુશખુશાલ

## પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત દેશમાં ૩૫૦ પ્રોજેક્ટના થયેલા એમોયુમાં અરવલ્લી જિલ્લામાં મોડાસાનો સમાવેશ

મોડાસા, તા.૧૦

અરવલ્લી જિલ્લામાં મોડાસામાં જરૂરિયાતમંદ લોકોને પોસાય તેવા ખર્ચે આવાસ બાંધકામ માટે રૂ. ૭ કરોડના એમઓયુ થતા



પ્રજાજનોમાં ખુશી વ્યાપી ગઈ છે.

કેડાઈ અરવલ્લીના પ્રમુખ કમલેશ પટેલે જણાવ્યું કે વડાપ્રધાનના સ્વપ્રામાં દરેક દેશવાસીને રહેવા માટેનું પોતાનું ઘર હોય અને તેને સાકાર કરવાના ભાગરૂપે દેશમાં ભારત સરકારના મંત્રી વૈકયાનાયડુ દ્વારા જે ૩૫૦ જેટલા પ્રોજકટનું એમઓયુ થયું છે તેમા અરવલ્લી જિલ્લામાં પણ મોડાસામાં આવાસ યોજના માટે રૂ. ૭ કરોડનું એમઓયુ કરાતા મોડાસાન પ્રજામાં આનંદની લાગણી પ્રસરી ગઈ છે.

આ આવાસ યોજનામાં માતાવીલા સ્કીમ અંતર્ગત ત્રણ રૂમ- રસોડું સાથેનું સ્વતંત્ર મકાન મળશે.

જરૂરિયાતમંદ લોકોને પોસાય એટલી રકમમાં મોડાસા શહેરમાં સપનાનું ઘર ઉપલબ્ધ થવાની આશા ફળીભૂત થતાં જિલ્લાવાસીઓમાં હર્ષની લાગણી પ્રસરી ગઈ છે. જેમાં ભારત અને ગુજરાત સરકાર દ્વારા સબસીડી અપાશે. જિલ્લામાં પ્રથમ આ એમઓયુ થયું છે.

# પોલીસના દુવ્યવહાર બદલ 'આપ'ના કાર્યકરો માનવ અધિકારમાં ફરીયાદ કરશે

આમ આદમી પાર્ટી ખેડૂત સંગઠનને રાજ્યના ખેડૂતોના મુદ્દે રજુઆત કરવાનો સમય ફાળવી મુખ્યમંત્રીએ ધરપકડ કરાવી હતી. ત્યાર બાદ પાર્ટીના આગેવાનો ગાંધીનગર ખાતે અન્નશન સત્યાગ્રહ પર ઉતર્યા હતા. અન્નશનના છઠ્ઠા દિવસે આગેવાનોની એક ટીમ સ્વર્ણિમ સંકુલ મુખ્યમંત્રી કાર્યાલય અને એક ટીમ મુખ્યમંત્રીના આવાસ પર મુખ્યમંત્રીને મળવાના અંતિમ પ્રયાસ રૂપે પોહોંચી હતી. ત્યારે ફરી એક વખત ભાજપે પોતાની પોલીસને મોકલી તમામની ધરપકડ કરાવી હતી.

આમ આદમી પાર્ટી દ્વારા અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે કે તેમની રેલીને ખોટી કલમો અંતર્ગત ધરપકડ કર્યા બાદ પોલીસ દ્વારા અમાનવીય તથા ગેરકાનૂની વર્તન કરવામાં આવ્યું હતું છ દિવસથી ઉપવાસ પર ઉતરેલા ચાર ઉપવાસીઓને મુખ્યમંત્રીના ઘરની બહાર થી ઉપાડી સેક્ટર ૨૧ પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા હતા. જ્યાં રાજ્યની પોલીસ જેનું કર્તવ્ય નાગરિકોને સેવા તથા સલામતી પૂરું પાડવાનું છે તેણે ગુંડાઓની જેમ વર્તન કરી 'તું જો શું હાલત કરીયે છીએ તારી, બહુ શોખ છે ને ભાજપનો વિરોધ કરવાનો' જેવી ધમકીઓ આપી હતી એટલુંજ નહિ પોલીસ સ્ટેશનમાં કારણ વગર ધક્કા મુક્કી કરી અપમાનિત કરવામાં આવ્યા હતા. બીજી તરફ ૧૮ જેટલા અન્ય આગેવાનોને સેક્ટર ૬ પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા હતા. જ્યાં ધરપકડ બાદની પ્રક્રિયા કરવાને બદલે ઊંચ પોલીસ અધિકારીએ જાહેરમાં જણાવ્યું હતું કે લોકઅપમાં નાખી દો નથી લઈ જવા આજે મેજિસ્ટ્રેટ પાસે એક દિવસ રહેશે એટલે બધી ખબર પડી જશે. કાયદાનું પાલન કરાવતી પોલીસે જ લોકઅપ મેન્યુલ કાયદાનો ભંગ કરી એક કોટરીમાં ૧૬ લોકોને ગોંધી નાખ્યા હતા. ચાર કલાક બાદ પાર્ટીના વકીલોએ લડત આપતા અન્ય લોકઅપ ફાળવવામાં આવ્યું હતું એટલું જ નહિ કલાકો સુધી પાણી, ભોજન જેવી પ્રાથમિક સુવિધાઓ પણ ફાળવવામાં આવી ન હતી. ભારતીય જનતા પાર્ટીની એજન્ટ બની રાજકીય લોકોને હરહંમેશ પ્રતાડિત કરવા તે ગુજરાત પોલીસનું મુખ્ય કાર્ય બની ગયું છે. રાજકીય કાર્યક્રમો માટે ધરપકડ કરવામાં આવેલા આગેવાનો સાથે ચોર લૂંટારા જેવું વર્તન કરવું તે ગેરકાનૂની અને શરમજનક બાબત છે. ગાંધીનગર પોલીસના જે અધિકારીઓ દ્વારા ભાજપના ઈશારે આ પ્રકારનું ગેરકાનૂની વર્તન કરવામાં આવ્યું છે તે તમામ અધિકારીઓ ઉપર પાર્ટી દ્વારા આજ રોજ ફરિયાદ નોંધાવવામાં આવશે, મહિલાઓ સાથે પોલીસ દ્વારા કરવામાં વર્તન વિરુદ્ધ રાજ્ય મહિલા આયોગમાં ફરિયાદ નોંધાવવામાં આવશે લોકઅપમાં કાર્યકર્તાઓના માનવાધિકારોનું હનન કરવામાં આવ્યું છે જેની ફરિયાદ હ્યુમન રાઈટ કમિશનમાં કરવામાં આવશે.



જેસીઆઈ, ગાંધીનગર દ્વારા તાજેતરમાં બે દિવસમાં ચાર ટ્રેનીંગ કોર્ષનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કોર્ષમાં નેશનલ ટ્રેનર અને ઝોન પ્રેસીડન્ટ ડૉ. ભુપત રાવલ દ્વારા સચોટ અને રસપ્રદ પ્રવૃત્તિઓ દ્વારા ઉપસ્થિત સભ્યોને ટ્રેનીંગ આપવામાં આવી હતી. આ ટ્રેનીંગમાં જેસીઆઈની વહીવટી કામગીરી કરવી અને કામ કર્યાનો સંતોષ પ્રાપ્ત કરવો, જ્યારે સમગ્ર સંચાલન અસરકારક રીતે કેવી રીતે ચલાવવુ, સમાજને ઉપયોગી પ્રોજેક્ટ કરવા અને પ્રોજેક્ટને અસરકારક બનાવવા શુ કરવુ સહિતની ઉપયોગી માહિતીનું રસપાન કરાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે જેસીઆઈ પ્રમુખ ડૉ. પરાગ ગાંધીએ સૌ સભ્યોનો આભાર વ્યક્ત કર્યો હતો.

## આ પણ વાંચીએ...

### ● આખુ મોબાઈલ ટાવર ચોરી કરીને લઈ ગયા



કેનાડાના વિનીપેગ શહેરમાં થોડાક દિવસ પહેલા થયેલી ચોરીએ સમગ્ર શહેરને હેરાન કરી દીધું છે. અહીંના એગલેક ક્ષેત્રમાં ચોરીએ રાતોરાત ૨૦ મીટર ઉંચા મોબાઈલ ટાવરને ગાયબ કરી દીધો હતો સાથે જ તેઓ બધા ઉપકરણ પણ લઈ ગયા હતા. ચોરી થયેલ ટાવર ૨૦ મીટર ઉંચો હતો.

### ● સોમવારે ઘરની બહાર નીકળતા જ પાણીથી પલળી જાય છે અહીંની યુવતીઓ

મધ્ય યુરોપીય દેશો જેવા કે પોલેન્ડ, ચેક ગણરાજય અને પૂર્વી



યુરોપના દેશ યુક્રેનમાં દર સોમવારે એક અનોખી પરંપરા નીભાવવામાં આવે છે. વેટ મન્ડે તરીકે ઓળખાતા સોમવારે જયારે યુવતીઓ ઘરની બહાર નીકળે ત્યારે તેમને આખે આખી પલાળી દેવામાં આવે છે. યુવકો યુવતીઓ ઘરની બહાર નીકળે તેની જ રાહ જોતા હોય છે. યુવતીઓ ઘરની બહાર નીકળે કે તેમની પર યુવકો પાણી ભરેલી ડોલ કે બોટલ ઢોળી દે છે.

# મોડાસામાં અન્નપૂર્ણા ટ્રસ્ટ અને ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટિટ્યૂટનો મફત કેન્સર નિદાન કેમ્પ યોજાયો

મોડાસા, તા. ૧૦

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરમાં અન્નપૂર્ણા ટ્રસ્ટ દ્વારા હોસ્પિટલોમાં સારવાર અર્થે આવતા દરદીઓ અને જીવન જરૂરીયાતમંદ લોકોને ફક્ત ૨ રૂપિયાના નજીવા દરે સાત્વીક ભોજન આપવામાં આવે છે.



તદ્ઉપરાંત દાદા-દાદીનો વિસામો અને શહેરમાં આંખના નિદાન અને સારવારની મફત સેવાઓ અવિરતપણે પુરી પાડી જિલ્લા સહિત આજુબાજુના અન્ય જિલ્લાવાસીઓ તેમજ રાજસ્થાન અને મધ્યપ્રદેશના દરદીઓને સતત મદદરૂપ આરોગ્યલક્ષી સેવાઓ અન્નપૂર્ણા ટ્રસ્ટ પુરી પાડી રહ્યુ છે. અન્નપૂર્ણા ટ્રસ્ટને ૨૪ વર્ષ પૂર્ણ થતા ૨૫માં વર્ષમાં વર્ષમાં પ્રવેશ કરી તેની રજતજયંતિ ઉજવણી સ્વરૂપે મફત કેન્સર નિદાન કેમ્પ મહિલાઓ માટે આયોજન કરવામાં આવ્યુ હતુ.

ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટયુટના કેન્સરના સ્પેશ્યાલીસ્ટ તબીબોની ટીમ મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલા અન્નપૂર્ણા ટ્રસ્ટ ખાતે મેમોગ્રાફી મશીન સાથે પહોંચી અંદાજે ૨૦૦થી વધુ મહિલાઓની તપાસ કરવામાં આવી હતી અને જે મહિલાઓને સ્તન કેન્સરના નિદાનની જરૂર પડે તો તેમને મફત મેમોગ્રાફી કરી આપવામાં આવતી હતી અને વધુ તબીબી પરીક્ષણ માટે વિનામુલ્યે અમદાવાદ સિવિલ હોસ્પિટલ રીફર કરી આપવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. મફત મહિલા નિદાન સારવાર કેમ્પનું ભગીરથ આયોજન ટ્રસ્ટના પ્રમુખ અરૂણભાઈ શાહ, સુભાષભાઈ શાહ, નિલેષભાઈ જોષી અને દિલીપ પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યુ હતુ. આ કેમ્પમાં મોડાસા નગરપાલિકાના મહિલા પ્રમુખે પણ તેમના નામની નોંધણી કરાવી ચેકઅપ કરાવ્યુ હતુ. આ કેમ્પમાં પેપ ટેસ્ટ, ગર્ભાશયના મુખના કેન્સરની તપાસ, મેમોગ્રાફી અને સ્તન કેન્સર તપાસ અને કેન્સર વિષે જાગૃતિ કેળવાય તે માટે પ્રદર્શન પણ યોજાયું હતું.

# ડભોડા ગામે શક્તિ કેન્દ્ર બુથ લેવલની બેઠક મળી

ચિલોડા, તા. ૧૦

તાલુકાના ડભોડા ગામે ભાજપ દ્વારા બુથ લેવલથી શક્તિકેન્દ્રના પ્રચાર અને પ્રસાર અર્થે આગામી ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પડઘમના એંધાણો વર્તાતા ભાજપ ૧૫૦ સીટોનો વિજય સંકલ્પ સિદ્ધ કરવા કમરકસી રહ્યુ છે. ત્યારે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની પ્રજાલક્ષી વિકાસકાર્યો અને જનજન સુધી સરકારી યોજનાઓની સચોટ માહિતી પહોંચાડવા જિલ્લા, તાલુકા, ગ્રામ્યકક્ષાના ભાજપના કાર્યકરો, હોદ્દેદારો ગતિશીલ પ્રયત્નોનો શુભારંભ આરંભાઈ ચુક્યો છે. પ્રધાનમંત્રી અને મુખ્યમંત્રીની કાર્યસિદ્ધિ જનજન પહોંચાડવા, ગ્રામ્યકાએ વિકાસ કામોની સાથે



પ્રાથમિક સુવિધાની ઉપલબ્ધીની માહિતી અર્થે શક્તિ કેન્દ્રની બેઠકમાં પૂર્વ અમદાવાદના સાંસદ પરેશ રાવલ, જિલ્લા ભાજપના પ્રમુખ નૈલેષ શાહ, મહામંત્રી કાળુસિંહ રાઠોડ, આઈ.બી. વાઘેલા, નાથુભાઈ ચૌધરી, અનિલભાઈ પટેલ, જિલ્લા ભાજપ કિસાન મોરચાના પ્રમુખ દિલિપભાઈ પટેલ, લલિતસિંહ યાદવ, મહોબતસિંહ છત્રસિંહ, હનુમાન મંદિરના ટ્રસ્ટી હીરાભાઈ પટેલ વગેરે મહાનુભાવો સ્વાગતવિધિ સહિત દીપ પ્રાગટ્યથી શુભારંભ કર્યો હતો.

# બનાસકાંઠા જિલ્લામાં યોજાયેલ નેશનલ લોક અદાલત

## ૧૧૦૫ કેસોમાંથી ૭૨૪ કેસોનું સંતોષકારક નિવારણ થયું

પાલનપુર, તા. ૧૦

બનાસકાંઠા જિલ્લામાં ૮ એપ્રિલના રોજ નેશનલ લોક અદાલત યોજાઈ હતી. આ પ્રસંગે બનાસકાંઠા જિલ્લાની કોર્ટોમાં કુલ ૧૧૦૫ જેટલા કેસો રજુ કરવામાં આવ્યા હતા તે પૈકી ૭૨૪ કેસોનું સંતોષકારક નિવારણ લાવવામાં આવ્યું હતુ. તેમજ અરજદારોને વળતર પેટે કુલ રૂ. ૫,૮૫,૪૭,૫૧૨ની રકમ ચુકવવા જજો ધ્વારા હુકમ કરવામાં આવ્યો હતો. અરજદારોમાં આનંદ અને સંતોષની લાગણી જોવા મળી હતી.

રજુ થયેલ કેસોમાં મોટર અકસ્માત વળતર કેસો, ઘરેલું વિવાદના કેસો, જમીન સંપાદનના, ચેક બાઉન્સના કેસો તથા બીજા દાવાઓનો સમાવેશ થાય છે. બેંક રિકવરીના ૩૨૨ કેસો રજુ થયા હતા જેમાંથી ૩૮ કેસોનું નિરાકરણ આવ્યુ હતુ તેમજ તે પેટે રૂ. ૧૬,૬૩,૧૮૦ની રિકવરી આવેલ. વીજ બીલ/વીજ જોડાણને લગતા ૬ કેસોનું નિરાકરણ આવતાં રૂ. ૬,૨૪૦ રિકવરી આવેલ છે. આ પ્રસંગે અરજદારો, વકીલો, સંબંધીત અધિકારીઓ તથા જજો અને કોર્ટના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ભારત લાલઘુમ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સાબિત થયા હોવાનું પાકિસ્તાન દ્વારા કહેવામાં આવ્યું છે. પાકિસ્તાનના આર્મી ચીફ જનરલ કમર જાવેદ બાજવાએ કુલભૂષણને ફાંસીની સજા આપવામાં આવી હોવાની વાતને સમર્થન આપ્યું છે. તેમના કહેવા અનુસાર કુલભુષણ જાદવને તેમના બચાવમાં કાનૂની મદદ પણ આપવામાં આવી હતી. જોકે ભારત તરફથી પાકિસ્તાનના આ તમામ આરોપોને નકારી દેવાયા છે. ભારતના વિદેશ મંત્રાલય તરફથી કહેવામાં આવ્યું છે કે અમારી તપાસ મુજબ ભારતીય નાગરિક સાથે આ એક પ્રકારે શારીરિક, માનસિક ત્રાસ આપવામાં આવી રહ્યો છે. પાકિસ્તાન ઈરાનની જેમ કાયદા કાનૂન ચલાવી રહ્યું છે અને અમે જાદવના અપહરણની સંભાવનાથી ઈનકાર કરી શકતા નથી. મંત્રાલયના કહેવા અનુસાર તમામ આરોપો બેબુનિયાદ છે કે જાદવે ભારત સરકારના કહેવાથી જાસૂસીની કામગીરી હતી. પાકિસ્તાને પોતાના આરોપના પુરાવાઓ સેના અને સરકારની એક સંયુક્ત પત્રકાર પરિષદમાં કરતા કુલભુષણ જાદવના નામે એક વીડિયો રજુ કરીને બતાવ્યો હતો.

### ચૂંટણી પંચ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આ પ્રમાણે ગોટાળા કરવામાં આવ્યા હોવાનું બહાર આવ્યું છે. દિલ્હીના મુખ્યમંત્રીએ કહ્યું કે શક થઈ રહ્યો છે કે ચૂંટણી પંચના ઈશારાથી જ તો આમ નહીં કરાઈ રહ્યુંહોય. ૧૮ મશીનોમાં ગોટાળાનો મતલબ ૧૦ ટકા વોટીંગમાં ગરબડ થઈ છે. ઈવીએમ બદલવાથી સમાધાન નહીં મળે તેમ તેમણે ફરી ભારપૂર્વક કહ્યું છે. તેમના કહેવા મુજબ નવા સોફટવેરની મદદથી જ આ ગોટાળાઓ કરવામાં આવી રહ્યા છે. જ્યારે ઈવીએમમાં બટન દબાવવામાં આવે છે ત્યારે લાઈટ તો થાય છે પરંતુ જે મત નીકળે છે તે બીજેપીની તરફેણમાં હોય છે. કેજરીવાલના કહેવા અનુસાર ચૂંટણી પંચ એ ધૃતરાષ્ટ્ર છે કે જે ભાજપને સત્તામાં પહોંચાડવા માંગે છે. આ મામલે તેમણે ચૂંટણી પંચને આડે હાથ લેતા કહ્યું કે ચૂંટણી પંચ તપાસ કરવા માટે પણ તૈયાર નથી. તેનાથી સ્પષ્ટ બને છે કે આ આખુંય ખૂબ સુવ્યવસ્થિત અને આયોજન પૂર્વક કરાવવામાં આવી રહ્યુંછે જેની પાછળ જે કોઈપણ હોય પરંતુ એક વસ્તુ બહુ જ સ્પષ્ટ છે કે આ ગોળાઓના પગલે ભાજપને જ ફાયદો થઈ રહ્યો છે.

### ઉનાળુ વાવેતર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રીતે હીટવેવ પકડાયુ તેનાથી ખેડૂતો આગામી દિવસો વધુ આકરા હશે તેમ માનતા થયા અને મોંઘા બિયારણ ખરીદી વાવી ઉગતાં જ ગરમીના સુકાઈ જાય તો ખર્ચ મોંઘો પડે તેવુ મોટા ભાગના ખેડૂતોનું માનવુ છે. આ ઉપરાંત મોંઘી મજૂરી અને પોષણક્ષમ ભાવ પણ મળતા ન હોવાનું ખેડૂતોનું સ્પષ્ટ કહેવુ છે. આ વર્ષે જ શાકભાજીના ભાવ ના મળતાં ખેડૂતોના શાકમાર્કેટ યોજવા પડ્યા હતા એથી ખેડૂતોએ ખેતર તપે એમ માની વાવેતર કરવાનું ટાળ્યુ હોવાનું પણ ખેડૂત આગેવાનો સાથેની વાતચીતમાં સાંભળવા મળ્યું હતુ.

છેલ્લા દસકામાં સૌથી ઓછુ વાવેતર આ વર્ષે જિલ્લામાં નોંધાયુ છે. ગત વર્ષની તુલનામાં ૧૦ હજાર હેક્ટર કરતાં પણ વધુ ઓછુ વાવેતર થયુ છે. જિલ્લામાં પિયતના જે વર્તમાન સ્ત્રોતો છે તે ઓછા છે એટલુ જ નહિ વીજળીના ભાવ પણ વધ્યા હોવાથી પિયત મોંઘુ પડતુ હોઈ ખેડૂતો વાવણી માટે ઓછા ઉત્સાહી જણાયા છે.

ખેડૂતોએ આરંભમાં જ જે હીટવેવ જોયો તેને લઈ પિયતના દર છેલ્લી ક્ષણે વધે તો ઉત્પાદન ખર્ચ વધે તેવો ભય પણ તેમને સતાવી રહ્યો હોવાની વાતો પણ ખેડૂતોના વર્તુળોમાંથી સાંભળવા મળી છે.

### ઠાકોરની સભા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ક્ષત્રીય ઠાકોર સેનાના સુપ્રિમો અલ્પેશ ઠાકોર આ સભાને સંબોધશે. રાજયમાં ૧૩ હજારથી વધુ વી.સી.ઈ કર્મચારીઓ છે. પગાર વધારો અને કાયમી કરોની માંગ સાથે આ તમામ વી.સી.ઈ ગાંધીનગરમાં ૧૭ એપ્રિલે સભા સ્થળે ઉપસ્થિત રહે તેવી શકયતા છે. અલ્પેશ ઠાકોરે આ સભાની આગેવાની લઈ વી.સી.ઈને ન્યાય અપાવવા લડત કરવાની બાંહેધરી આપી છે. આ સભામાં ભીડ ભેગી કરવા સોશયલ મીડિયામાં આકર્ષક જાહેરાત બનાવીને ફરતી કરવામાં આવી હોવાનું ધ્યાને આવ્યું છે. અભિનેત્રી સોનાક્ષી સિન્હાના ફોટો ઈન્સેટ કરીને તેમાં લખાણ કરવામાં આવ્યું છે કે 'હાઈ ફ્રેન્ડસ, ૧૭મી એપ્રિલે ગાંધીનગરમાં અલ્પેશ ઠાકોર સાથે વી.સી.ઈની સભા છે... હું જવાની છું તમે આવશો ને...? હું પણ વીસીઈ હતી...' સોનાક્ષી સિન્હાના ફોટો મુકીને તૈયાર કરવામાં આવેલી આ આકર્ષક જાહેરાત ચર્ચાનું કેન્દ્ર બની છે.

### પાયા ખોદી નાંખતા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તુરંત ઘટનાસ્થળે ધસી આવ્યાં હતા. આ સાથે પોલીસ તથા ફાયરબ્રિગેડ પણ ધસી આવી હતી. ફ્લેટની ગટરલાઈન તુટી જવાને કારણે ફ્લેટના પિલ્લરો તથા પાયામાં પણ પાણી ઘુસી જતા ફ્લેટના રહીશોના જીવ પડીકે બંધાયા હતા અને આખી રાત તેમણે અન્ય બ્લોકમાં પડોશીઓના ઘરે વિતાવી હતી. હાલ પરીક્ષાનો માહોલ ચાલુ હોઈ આ બ્લોકના વિદ્યાર્થીઓને પણ ભારે હાલાકી વેઠવાનો વારો આવ્યો હતો.

### રજીસ્ટ્રેશન રદ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

યથાવત રાખવા તેમજ નવું રજીસ્ટ્રેશન નવા મશીન પર શરતોને આધીન રહી આપવાનો પણ નિર્ણય કરવામાં આવેલ છે.

આ બેઠકમાં કલોલની કુલદિપ હોસ્પિટલનું પણ રજીસ્ટ્રેશન રદ કરી ન્યુ રજીસ્ટ્રેશન આપવાનો નિર્ણય કરેલ છે. અન્ય રાજ્ય અને જિલ્લામાં મળેલ સોનોગ્રાફી ડીટેક્શન કરનાર તબીબને શોધવા પ્રાઈવેટ એજન્સીની મદદ લેવાનો પણ નિર્ણય કરવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

### વિકાસ તરફ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રયાસો હાથ ધરાશે. ટર્નબુલની સાથે ઑસ્ટ્રેલિયાના શિક્ષણપ્રધાન સિમોન બિર્મિંગહમ પણ ભારત આવ્યા છે. તેઓની સાથે ઑસ્ટ્રેલિયાની વિવિધ યુનિવર્સિટી અને શૈક્ષણિક સંસ્થાઓના ૧૨૦ પ્રતિનિધિઓનું ડેલિગેશન પણ ભારત પહોચ્યુ છે. બિર્મિંગહમના જણાવ્યા પ્રમાણે ઑસ્ટ્રેલિયા વર્ષ ૨૦૨૨ સુધીનાં ભારતના લાખો યુવકોને પ્રશિક્ષિત કરવા માગે છે. ઑસ્ટ્રેલિયામાં અભ્યાસ કરતા દર ૧૦ વિદ્યાર્થીમાંથી ૧ વિદ્યાર્થી ભારતીય છે. તેમણે ભારતીય વિદ્યાર્થિઓ માટે ઑસ્ટ્રેલિયાને શૈક્ષણિક દ્રષ્ટીકોણથી વધુ સલામત સ્થળ બનાવવા અને તમામ સાધન સુવિધા ઉપલબ્ધ બનાવવાની કટિબદ્ધતા વ્યક્ત કરી હતી. બન્ને દેશો વચ્ચે શૈક્ષણિક ક્ષેત્રના સંબંધોને વધુ ગાઢ અને મજબુત બનાવવાની ઑસ્ટ્રેલિયા સરકારની પ્રાથમિકતા છે એમ તેમણે સ્વીકાર્યુ હતુ.

### વિતરણ બંધ રાખશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આવી હતી. જેમાં અધિકારીઓ સમક્ષ જુદી જુદી માંગણીઓ અને પ્રશ્નોના સમાધાન કાઢવા માટે રજુઆત કરવામાં આવી હતી. એસોસિએશનના પ્રમુખ સત્યનારાયણનના કહેવા અનુસાર વર્ષ ૨૦૧૧માં ઓઈલ કંપનીઓ પંપ માલિકોને માર્જિન આપી રહી ન હતી. જેનાથી પંપ સંચાલકોને ભારે ખોટ જઈ રહી હતી. તેનાથી બચવા માટે વખતો વખત નફામાં વધારો કરવાની માંગણી કરવામાં આવી રહી છે પરંતુ આ માંગણીઓ સામે અધિકારીઓ સતત આંખ આડા કાન કરી રહ્યા છે. જેને લઈને કુરુક્ષેત્ર ખાતે બોલાવવામાં આવેલી બેઠકમાં એવો નિર્ણય લેવામાં આવ્યો છે કે દેશભરમાં આવેલા ૫૩૦૦૦ પેટ્રોલ પંપ ૧૦ મે પછી દર રવિવારે બંધ રાખવા.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ